### રાજ્યનાં 75 સ્થળોમાં શહેરનાં 3 સ્થળનો સમાવેશ

# MSU, માંજલપુર સ્પોર્ટ્સ સંકુલ, વેમાલી ખાતે યોગ દિન ઉજવાશે

## 75 અમૃત સરોવર ખાતે યોગ દિનની ઉજવણી કરાશે

ધાર્મિક રિપોર્ટર | વડોદરા

21 જૂન વિશ્વ યોગ દિવસ નિમિત્તે રાજ્યનાં 75 જેટલાં સ્થળો ઉપર યોગાભ્યાસુઓ દ્વારા ઉજવણી કરવામાં આવશે. જેમાં વડોદરાના ત્રણ સ્થળોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, એમ. એસ. યુનિવર્સિટી, વેમાલી ખાતે વિશેષ ઉજવણી કરાશે. વડોદરા જિલ્લામાં નિર્માણ પામેલા 75 અમૃત સરોવર ખાતે પણ વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવશે.

વડોદરા જિલ્લાના તમામ ગામોમાં 15 થી 20 જૂન દરમિયાન યોગ અંગે જનજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવશે. આ ઉપરાંત ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયત તથા નગરપાલિકા, મહાનગર પાલિકા તથા શૈક્ષણિક સંસ્થાઓ, જેલ, પોલીસ સ્ટેશન, સ્વૈચ્છિક સેવા ભાવી સંગઠનો, યોગ પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ, ઔદ્યોગિક એકમો ખાતે વિશ્વ યોગ દિન નિમિત્તે યોગાભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વ યોગ દિનની ઉજવણી સુચારૂ રૂપે થાય એ માટે થઇ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુક્ષ્મ આયોજન કરવામાં આવી રહ્યું છે.